ગાંધીનગર સમાચાર પાના નં. ૦૧, તા. ૦૪.૦૮.૨૦૨૫

# ગાંધીનગરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટને અનુલક્ષી વિવિધ ૧૯ જગ્યાએ પાર્કીંગની વ્યવસ્થા ગોઠવાશે

**આગામી ડિસેમ્બર સુધીમાં મહાત્મા મંદિર સુધી મેટ્રોની સુવિધા ઉપલબ્ધ થશે ત્યારે પાર્કિંગ વ્યવસ્થાનું પણ યોગ્ય આયોજન કરાશે : બોલાર્ડ મૂકી ટેક્નોલોજીના આધારે વાહનોની અવરજવર નિયંત્રિત કરાશે**

ગાંધીનગર સમાચાર

ગાંધીનગર, તા. ૩

સ્માર્ટ બનતા ગાંધીનગરમાં વિકાસના નવતર કામો સાથે નવીન સમસ્યાઓ પણ જટીલ બનતી જાય છે, જેમાં પાર્કિંગનો પેચીદો પ્રશ્ન પણ મુખ્ય છે. શહેરના નવા વિસ્તારમાં આમ પાર્કિંગ પ્રોબ્લેમ શિરદર્દ સમાન બન્યો છે, જયારે કોર્પોરેશન દ્વારા હજુ ડ્રાફ્ટ કરવામાં આવેલી પાર્કિંગ પોલીસીનો અમલ કરવામાં આવ્યો નથી, જયારે ગાંધીનગરમાં મેટ્રોનો પ્રોજેક્ટ પ્રગતિ હેઠળ છે. મહાત્મા મંદિર સુધીની યોજના પણ ડિસેમ્બરથી કાર્યરત થવાની છે. આવા સંજોગોમાં મેટ્રો સ્ટેશન વિસ્તારમાં પાર્કિંગની સુવિધાના પરિબળો પણ મજબુત કરવા અનિવાર્ય છે. મેટ્રો સ્ટેશન પાસે પાર્કિંગ નથી ત્યારે કોર્પોરેશન દ્વારા મેટ્રો સ્ટેશન આસપાસ ૧૯ સ્થળો પાર્કિંગ પ્લેસ માટે આઇડેન્ટીફાય કરવામાં આવ્યા છે, આ જગ્યાએ પાર્કીંગની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. આ અન્વયે અંદાજિત ૨ હજારથી વધુ વાહનો એક જ સમયે પાર્ક થઈ શકે તે મુજબની પાર્કિંગ વ્યવસ્થા તૈયાર કરવા કોર્પોરેશન દ્વારા આયોજન કરવામાં આવશે.

ગાંધીનગરમાં પણ મેટ્રો રેલ દોડતી જોવા મળે છે. મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી સચિવાલય મેટ્રો સ્ટેશન સુધી મેટ્રો શરૂ થઈ ગઈ છે. જયારે આગામી ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં મહાત્મા મંદિર સુધીની મેટ્રો વ્હીલર અથવા ફોર વ્હીલર મેટ્રો સ્ટેશને મુકવાની ફરજ પડે છે. પરંતુ

## બોલાર્ડ મૂકી વાહનોની અવરજવર નિયંત્રિત કરાશે

કોર્પોરેશન દ્વારા બોલાર્ડના આધારે વાહનોની અવરજવર નિયંત્રિત કરવા ટેક્નોલોજીના ઉપયોગના આધારે થ્રિ લેયર સિસ્ટમથી વાહન પાર્કિંગની સુવિધા મેનેજ કરવામાં આવશે, જયારે જગ્યાને ફેન્સીંગ કરવામાં આવશે. આ પાર્કિંગ પ્લેસ પર બોલાર્ડ મૂકવા ઉપરાંત રાહદારીઓ માટે ચોક્કસ પેસેજ નક્કી કરાશે. આ ઉપરાંત વોક વે પર વાહનોનો ખડકલો ન થાય તે માટે બોલાર્ડ ઉપયોગમાં લેવાશે.

રેલ સુવિધા શરૂ કરવા પણ તૈયારી કરી દેવામાં આવી છે. ગાંધીનગરમાં મેટ્રોનો ઉપયોગ વધી રહ્યો છે. અમદાવાદ-ગાંધીનગર રૂટમાં અપડાઉનકર્તાઓમાં મેટ્રોનો ઉપયોગ વધી રહ્યો છે. આવા સંજોગોમાં ટુ મેટ્રો સ્ટેશન પર સત્તાવાર પાર્કિંગ વ્યવસ્થા કરવામાં આવી નથી. નજીકની ખુલ્લી જગ્યામાં વાહનો પાર્ક થાય છે. પરિણામે સલામતી અને ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. ગાંધીનગરના જન્મદિવસે કોર્પોરેશન દ્વારા વિઝન ડોક્યુમેન્ટ તૈયાર કરવામાં આવ્યું છે. આ અન્વયે કોર્પોરેશન દ્વારા નગરના મેટ્રો સ્ટેશન પર પાર્કિંગની જવાબદારી નિભાવાશે. મેટ્રો સ્ટેશન સરાઉન્ડિંગ વિસ્તારમાં વિવિધ ૧૯ જગ્યાએ પાર્કિંગની વ્યવસ્થાનું યોગ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ મુજબ ૧૪૦૦ જેટલા ટુ વ્હીલર, ૭૦૦ જેટલા ફોર વ્હીલર અને ૧૪ જેટલા અન્ય વાહનો પાર્ક કરી શકાય તે મુજબનું આયોજન કરવામાં આવશે.

કોર્પોરેશન દ્વારા મેટ્રો સ્ટેશન વિસ્તારમાં પાર્કિંગ પ્લેસ નક્કી કરવા માટે નાગરિકો, કોર્પોરેટરો, વેપારી અગ્રણીઓ સાથે જરૂરી ચર્ચા વિચારણા કરાશે.